### દશાશ્વમેઘ ઘાટ પાસે દારૂની ડિલિવરી લેવા આવેલો એક ઝબ્બે, પાંચ વોન્ટેડ જાહેર

# અંકલેશ્વરના બૂટલેગરે ગોવાલી ગામથી નાવડીમાં મોકલાવેલો ₹ 5.76 લાખનો દારૂ પોલીસે ઝડપ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નર્મદા નદીમાંથી દારૂની હેરાફેરી થનાર છે જેના આધારે પોલીસે દશાશ્વમેઘ ઘાટ નજીક ઝાડીઓમાં વોચ ગોઠવી હતી. આ દરમિયાન ઝઘડીયાના ગોવાલી તરફથી ભરૂચ તરફ દારૂનો જથ્થો ભરેલી બોટ દશાશ્વમેઘ ઘાટ નજીક અવાવરું જગ્યા પર કિનારે ઉભી કરી હતી. એકટીવા મોપેડ પર દારૂ લેવા ભરૂચ નો ઈસમો ઉભા હતા અને દારૂ નો જથ્થો બોટ માંથી નીચે ઉતારી રહ્યા હતા તે દરમિયાન જ પોલીસ ઝાડીઓ માંથી નીકળી ધાબો બોલ્યો હતો.અને ઈંગ્લીશ દારૂ ની નાની મોટી બોટલ ને બિયર ના ટીન મળી કુલ 1140 નંગ દારૂનો જથ્થો તેમજ 2 લાખ રૂપિયાની નાવડી ( બોટ ) બે મોપેડ અને મોબાઈલ મળી કુલ 5.76 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે સ્થળ પરથી ભરૂચના દાંડિયા બજાર વિસ્તારમાં રહેતા લાલા મકવાણાની ધરપકડ કરી હતી. જયારે દારૂની નદી માર્ગે ખેપ મારવાની શરૂઆત કરનાર માસ્ટર માઈન્ડ બોરભાઠા બેટના કિશન મિશુ વસાવા ભરૂચ નો માનવ ચૌહાણ, ધવલ નામનો ઈસમ તેમજ બે મોપેડ ચાલકો ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. વોન્ટેડ કિશન વસાવા તેમજ ભરૂચ ના માનવ ચૌહાણ સહીત અન્ય ઈસમ સામે વલસાડ સહીત અન્ય જિલ્લા માં પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તનાવના પગલે પોલીસે ચેકીંગ વધારતા બુટલેગરોએ નવો માર્ગ અપનાવ્યો છે.

### રડતા બાળકને લઇ પોલીસ 5 કલાક બેસી રહી

# અંકલેશ્વરમાં માત્ર દોઢ વર્ષના બાળકને ત્યજીને વાલી ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર આઉટ પોસ્ટ પર ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિલીપકુમાર ગત તારીખ 7મી મેના રોજ અંકલેશ્વર રેલવે સ્ટેશન પર ફરજ પર હતાં. તેઓ આવતી જતી ટ્રેન ના પેસેન્જરો પર નજર રાખી રહ્યા હતાં. અરસામાં બપોરે સવા બે વાગ્યાના અરસામાં પ્લેટફોર્મ નંબર 2 અને 3ની વચ્ચેના ભાગે સીડી નીચે એક દોઢેક વર્ષ ની બાળક બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. બાળક બિલકુલ બોલી શકે તેમ ન હોવાથી તેમણે તેમના અન્ય પોલીસકર્મીઓની ટીમ સાથે રેલવે સ્ટેશન વિસ્તારમાં તેના માતા-પિતાને શોધવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેનો કોઇ પત્તો લાગ્યો ન હતો.

**DATE: 13/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# કનેરાવમાં આંકડાનો જુગાર રમતા એક ઝડપાયો

ભરૂચઃ વાલિયા પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે કનેરાવ ગામે લિંબેટ ફળિયામાં દીપક દલસુખભાઈ વસાવા આંકડાનો સટ્ટા બેટિંગનો જુગાર રમી રમાડે છે. જેથી પોલીસે દીપકના ઘર પાછળ લીંબડાના ઝાડ પાસે કેટલાક ઈસમો લખાવતા હોવાનું જણાતાં રેડ કરી હતી. જો કે, એ વખતે તમામ ભાગી છૂટ્યા હતા, જેમાં દીપક પકડાતાં તેની અંગજડતીમાંથી રૂ.1120 રોકડા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**DATE: 13/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### અંકલેશ્વર પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ

# હેલ્મેટ વિના વાહન ચલાવતાં ટુ વ્હિલર ચાલકો દંડાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં પોલીસ દ્વારા વાહન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી જેમાં હેલ્મેટ ન પહેરનાર તુ વહીલ ચાલકો અને કાર પર બ્લેક ફિલ્મ લગાવનાર ચાલકો પાસેથી દંડની વસૂલાત કરવામાં આવી હતી

ભરૂચ અને અંકલેશ્વરમાં હાઈ કોર્ટના આદેશ બાદ પ્રથમ સરકારી કર્મચારીઓ અને હવે સામાન્ય લોકો માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે ત્યારે અંકલેશ્વરમાં પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.અંકલેશ્વરના કાપોદ્રા પાટીયા કોસમડી અને ભડકોદ્રા સહિતના વિસ્તારોમાં પોલીસ દ્વારા સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ હતી જેમાં હેલ્મેટ ન પહેરનાર વાહન ચાલકો પાસેથી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો તો સાથે જ કાર પર બ્લેક ફિલ્મ ધરાવનાર ચાલકો પાસેથી પણ દંડની વસૂલાત કરવામાં આવીહતી.અકસ્માત સહિતના બનાવમાં હેલ્મેટ ન પહેરવાથી મૃત્યુનું જોખમ વધી જતું હોય છે ત્યારે સરકાર દ્વારા હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે અંકલેશ્વરમાં પોલીસ દ્વારા તબક્કાવાર વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

અંકલેશ્વર પોલીસના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકના નિયમોને લઈને પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરાઈ રહી છે. જે અંતર્ગત આજે પણ નિયમોનો ભંગ કરનારા સામે કાર્યવાહી કરાઈ છે, તેમજ આગામી દિવસોમાં કાર્યવાહી કરાશે.

**કાર પર બ્લેક ફિલ્મ લગાવનારા પણ દંડાયા**

### હોસ્ટેલમાંથી કોઈને જાણ કર્યા વિના બહાર નીકળી ગયા

# સુરતથી ભાગી આવેલાં બે બાળકોનો તેમના વાલીઓ સાથે મેળાપ કરાવ્યો

## પરિવારની યાદ આવતાં ભાગી આવ્યાની કેફિયત

| ભરૂચ |

ભરૂચ સી ડિવીઝન પોલીસ મથકમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ વિષ્ણુભાઈ નાઈટ પેટ્રોલિંગમાં હતાં . તે વેળાં બે સગીર બાળકો ચાલતા ચાલતાં કસક સર્કલથી ઝાડેશ્વર તરફ જઈ રહ્યાં હોઈ બન્ને પર શંકા જતાં તેમને રોકીને પુછપરછ કરતાં તેમણે તેઓના નામ ઠામ બતાવવા સાથે તેઓ ભરુચના હોવાનું જણાવ્યું હતું. તેઓ સુરત ખાતે આવેલાં વાત્સલ્ય ધામ હોસ્ટેલ ખાતે રહી ત્યાં અભ્યાસ કરતાં હતાં. તેમને પરિવારની યાદ આવતી હોવાથી રાત્રીના સમયે હોસ્ટેલમાંથી ચોરીછૂપીથી કોઈને જાણ કર્યા વિના ભરૂચ તેમના ઘરે આવવા નિકળ્યાં હતાં.

ઘટનાને પગલે કોન્સ્ટેબલ વિષ્ણુએ તુરંત તેમના અધિકારીને જાણ કરતાં પીઆઈ એ. વી. પાનમિયા તેમજ પીએસઆઈ બી. એસ. શેલાણાએ બાળકોની પુછપરછ શરુ કરતાં તેમણે જણાવ્યું હતું કે. તેઓ ભરૂચ આવવા માટે વાહન શોધતાં હતાં. તે વેળાં એક ન્યૂઝ પેપરની ઈકો ગાડીવાળાએ તેમને ભરૂચ સુધી લઈ આવ્યો હોવાનું જણાવ્યું હતું. ટીમે તેમના પિતાનો સંપર્ક નંબર મેળવી ખાત્રી કરી તેમને પોલીસ સ્ટેશને બોલાવ્યાં હતાં. પોલીસે બાળકોનું કાઉન્સિલીંગ કરી તેમનો તેમના પરિવારજનો સાથે સંપર્ક કરાવ્યો હતો.

જોઇએ છે.

DATE: 14/05/2025 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

# બે ગેસ્ટ હાઉસના સીસીટીવીના ડેટા ન મળતાં ફરિયાદ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમ પાંચબત્તી મિલેનિયમ માર્કેટ પાસે આવેલ દેશ બંધુ ગેસ્ટ હાઉસ અને પુર્ણિમા ગેસ્ટ હાઉસમાં સીસીટીવી કેમેરાનું 30 દિવસનું બેક અપ માંગતા સીસીટીવી ડી.વી.આર બંધ મળી આવતા દેશ બંધુ ગેસ્ટ હાઉસના માલીક હનિફ પટેલ અને પુર્ણિમા ગેસ્ટ હાઉસના માલિક દિનેશચંદ્ર છોવાલા બન્ને ગેસ્ટ હાઉસના માલિક સામે ગુનો દાખલ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 14/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



# કોસમડીમાંથી દારૂ પ્રકરણનો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર કોસમડી ગામના સાંઇ વાટીકા સોસાયટીના નાકા પાસે એક ઈસમ એક્ટિવા પર આગળના ભાગે ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ ઉભેલ છે.તેવી બાતમીના આધારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 50 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે 14 હજારનો દારૂ અને એક્ટિવા મળી કુલ 64 હજારથી વધુના મુદ્દામાલ સાથે કોસમડીના ડોલર એપાર્ટમેન્ટ ખાતેનો બુટલેગર સચિન સોનવણેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

## અંકલેશ્વરની શ્રી રામ કંપનીમાંથી

# ફાર્મા ઈન્ટરમિડીયટ પાવડરની ચોરી કરનારા કર્મચારી સહિત ૩ ઝબ્બે

### અન્ય એક ફરાર, રૂા.૧.૭૬ લાખનો પાવડર ચોરી થયો હતો

| અંકલેશ્વર |

અંકલેશ્વરની શ્રી રામ કંપનીમાંથી ફાર્મા ઈન્ટરમિડીયટ પાવડરની ચોરી કરનાર કર્મચારી સહિત ત્રણ શખ્સને પોલીસે ઝડપી પાડ્યા હતાં. જ્યારે અન્ય અક શખ્સ ફરાર થઈ ગયો હતો.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી શ્રી રામ ઈન્ડસ્ટ્રીઝમાંથી ગત તા.૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૭ મે ૨૦૨૫ સુધીમાં કોઈ ગઠિયાઓએ રૂા.૧.૭૬ લાખની મત્તાનું કુલ ૮૦ કિલો જેટલું ૬૬ એચક્યુ નામનું ફાર્મા ઈન્ટરમિડિયેટ પાવડરની ચોરી થઈ હતી. જે અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાનમાં ભરૂચ એલસીબીની અંકલેશ્વરની ટીમ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં તેમને બાતમી મળી હતી કે, રાજપીપળા ચોકડીપાસે એક શખ્સ શંકાસ્પદ પાવડરનું સેમ્પલ લઈને ફરી રહ્યો છે. અને તે કોઈને તે વેચવાની ફિરાકમાં છે. જેથી ટીમે તેને ઝડપી પાડતાં તેનું નામ અર્જૂન રામયશ યાદવ હોવાનું માલુમ પડ્યું હતું કબુલ્યું હતું કે, બાદલ શરગુણ યાદવ નામનો મિત્ર તેને આ સેમ્પલ આપ્યું હતુ અને ગ્રાહક શોધવા કહ્યું હતું. ટીમે બાદલની ધરપક કરતાં તેણે રણજીત રામપતિ કુંવરનું નામ લીધું હતું. જેથી ટીમે રણજીતને પણ ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, તે અને પ્રભાત મંડલ છેલ્લાં પાંચેક વર્ષથી શ્રી રામ ઈન્ડસ્ટ્રીઝમાં ઓપરેટર તરીકે નોકરી કરતાં હતાં. તેઓએ રૂપિયા કમાવવાની લાલચમાં આવી કંપનીમાંથી થોડો થોડો કરીને પાવડર ચોરી કરી લઈ આવી તેમની રૂમમાં સંતાડ્યો હતો. જે વેચવા માો તેમણે સેમ્પલ આપ્યાનું કબુલ્યું હતું. ટીમે ત્રણેયની ધરપકડ કરી પ્રભાત મંડલને ફરાર જાહેર કરી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.



અંકલેશ્વરની કંપનીમાંથી પાવડરની ચોરી કરનાર ઝડપાયા

**DATE: 14/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કેટલાય મોટા ઘરોમાં નાના ઓરડા બનાવી ગેરકાયદે ભાડે આપે છે

# ઝઘડિયાના દધેડામાં મકાન ભાડે આપી નોંધણી નહીં કરાવનાર વિરુદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના દધેડા ગામે અન્યને મકાન ભાડે આપીને તેની પોલીસ મથકમાં નોંધણી નહિ કરાવનાર મકાનમાલિક સામે ઝઘડિયા જીઆઈડીસી પોલીસે જાહેરનામા ભંગ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. દધેડા ગામે સેન્ટ્રલ રેસિડન્સી સોસાયટીમાં આવેલ અલગઅલગ રૂમોમાં તપાસ કરતા ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ એક રૂમમાં રહેતા ઈસમને જરૂરી પુછપરછ કરતા તેણે જણાવેલ કે તે સદર રૂમમાં માસિક રૂપિયા 4 હજારના ભાડાથી રહે છે. પોલીસ પુછપરછ દરમિયાન આ મકાનના માલિક રિયાઝ મલેક હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે મકાનમાલિકનો સંપર્ક કરતા જાણવા મળેલ કે આ મકાન માલિકે મુળ બિહારના રહીશ પર પ્રાંતિય ઈસમને રૂમ ભાડે આપતા સમયે સ્થાનિક પોલીસ મથકમાં મકાન ભાડુઆત જાહેરનામા હેઠળ નોંધણી કરાવેલ નહતી. રાત્રી ના કેમિકલ આ બાબતે પ્રવર્તમાન જાહેરનામાનો ભંગ થયેલ હોઈ પોલીસ મથકમાં મકાન ભાડુઆત વિષે નોંધણી નહિ કરાવનાર વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ઝઘડિયા તાલુકામાં અનેક ભાડાના મકાનમાં રહેતા લોકો ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારની નજીકના ગામો માં મોટા પ્રમાણ માં લોકો મોટા મોટા ઘર બનાવી અને અંદર નાની ખોલી કરી 7થી8 જણને ભાડે આપે છે.દધેડા ગામે મેડિકલ સ્ટોરમાં સીસીટીવી કેમેરા નહીં લગાવેલા હોવાથી જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો

**DATE: 14/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

અંકલેશ્વર હાઈ-વે પર માય ઈકો એનર્જી પમ્પ પર ભરૂચ LCBનો દરોડો

# બાયોડીઝલના નામે ઈન્ડસ્ટ્રીયલ ઑઈલ વેચવાનું કૌભાંડ : મુન્દ્રાથી મગાવાતું હતું

## રૂ. 41,86,168નો મુદ્દામાલ જપ્ત કરી 5ની ધરપકડ, 3 વૉન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઈ-વે નંબર 48 પરથી બાયો ડીઝલ અને સુપર ડીઝલના નામે ભેળસેળયુક્ત ઈન્ડસ્ટ્રીમાં વપરાતું ઓઈલ વેચવાનું કૌભાંડ પકડાયું છે. મુન્દ્રા પોર્ટ નજીક ગોડાઉનમાંથી 'હાઈડ્રો કાર્બન ઈન્ડસ્ટ્રીયલ ઓઈલ ફોર ઈન્ડસ્ટ્રીયલ યુઝ ઓનલી'ને ડીઝલમાં નાખી વેચાણ કરાઈ રહ્યું હતું. પોલીસે શંકાસ્પદ પ્રવાહી, પમ્પનો પ્રવાહી જથ્થો તેમજ ટેન્કર અને અન્ય સાધનો મળી 41.86 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પમ્પ મેનેજર સહિત 4 ફિલર મળી 5ની ધરપકડ કરી છે જ્યારે અન્ય 3ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ભરૂચ એલસીબી પીએસઆઈ ડી. એ. તુવરને માહિતી મળી હતી કે મહાદેવ હોટલ પાસે આવેલી માય ઈકો એનર્જી (વીશીન ફ્યુલ સ્ટેશન) પમ્પ ઉપર ..અનુસંધાન પાના નં. 02 પર



### ખોટા બિલ ઇન્વોઇસ અને ઇ-વે બિલ પણ બનાવી દેવાયાં

પમ્પ સંચાલક પોલીસને ઊંધા પાટે ચડાવવા માટે હાઈડ્રો કાર્બન ઈન્ડસ્ટ્રીયલ ઓઈલ ફોર ઈન્ડસ્ટ્રીયલ ઓનલી પ્રવાહીનું ટેક્સ ઈન્વોઈસ અને ઈ-વે બિલ ખોટાં બનાવ્યાં હતાં અને તે ખોટું હોવા છતાં પોલીસ સમક્ષ તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. પોલીસ પૂછપરછ અને વેરિફિકેશન કરતાં ખોટા દસ્તાવેજી પુરાવા હોવાનું પણ સામે આવતાં એનો પણ ગુનો નોંધ્યો છે.

### માય ઇકો એનર્જી પમ્પ સીલ કરી પોલીસે તપાસ શરૂ કરી

બાયો ડીઝલ અને સુપર ડીઝલના નામે વાહનચાલકોને ભેળસેળયુક્ત ડીઝલ વેચતા માય ઈકો એનર્જી એલસીબીએ દરોડા પાડી ભેળસેળયુક્ત પ્રવાહીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. હવે અંકલેશ્વરના મામલતદાર અને પોલીસે પમ્પ સીલ કરી દીધો છે અને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### બાયો ડીઝલના નામે ભેળસેળયુક્ત સુપર ડીઝલનું વેચાણ

હાઈવે ઉપર મહાદેવ હોટલ પાસે માય ઈકો એનર્જી નામે ચાલતા પમ્પમાં મુન્દ્રાથી હાઈડ્રો કાર્બન ઈન્ડસ્ટ્રીયલ ઓઈલ ફોર ઈન્ડસ્ટ્રીયલ ઓનલી નામનું પ્રવાહી મંગાવીને તેને ડીઝલ સાથે મિશ્રણ કરી બાયો ડીઝલના નામે વેચાણ કરાઈ રહ્યું હતું. માય ઈકો એનર્જીના નામે ચાલતા ધીકતા ધંધામાં જાહેરમાં ગ્રીન પંપ ઉભો કરી વેચાણ કરાઈ રહ્યું હતું.

**DATE: 15/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### સોનાની ચેન અને પેન્ડલ રિકવર કરીને મૂળ માલિકને આપ્યા

# અંકલેશ્વર પોલીસે ગુમ થયેલા 2.15 લાખના 8 ફોન માલિકને પરત કર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ગુમ થયેલ મોબાઈલ ફોન શોધવામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે કુલ રૂ. 2.15 લાખની કિંમતના 8 મોબાઈલ ફોન તેમના મૂળ માલિકને પરત કર્યા છે. પોલીસે સ્નેચિંગ માં ગયેલ રૂ. 1.26 લાખની કિંમતની સોનાની ચેન અને પેન્ડલ પણ રિકવર કરીને મૂળ માલિકને પરત કર્યા હતા.

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા ના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસે કેન્દ્ર સરકારના સીઈઆઈઆર પોર્ટલ દ્વારા એક્ટિવ થયેલા મોબાઈલ ફોનને ટ્રેસ કરી શોધી કાઢ્યા હતા. આ ઉપરાંત, પોલીસે સ્નેચિંગ માં ગયેલ રૂ. 1.26 લાખની કિંમતની સોનાની ચેન અને પેન્ડલ પણ રિકવર કરીને મૂળ માલિકને પરત કર્યા છે.પોલીસે નાગરિકોને મોબાઈલ ચોરી કે ગુમ થવાના કિસ્સામાં માર્ગદર્શન આપ્યું છે. લોકો WWW.CEIR.GOV.IN વેબસાઈટ પર જઈને ગુમ થયેલા મોબાઈલ ની માહિતી નોંધાવી શકે છે. આ પોર્ટલ પરથી મળેલા આઈડી દ્વારા મોબાઈલ નું સ્ટેટસ ચેક કરી શકાય છે. વધુમાં, ગુમ થયેલ મોબાઈલ આ પોર્ટલ પરથી બ્લોક પણ કરાવી શકાય છે.

### ટ્રાવેલ્સની બસમાં ખેપ મારી રહ્યાં હતાં

# ભરૂચમાંથી વિદેશી દારૂ સાથે મહિલા સહિત 2 જણ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

શંહેરની સી ડિવિઝન પોલીસ મથકના એ.એસ.આઈ શૈલેષ ગોરધનભાઈ અને તેમની ટીમને બાતમી મળી હતી જી.એન.એફ.સી બસ સ્ટેન્ડ પર બે પુરુષો અને એક મહિલા ટ્રાવેલ અને કોલેજ બેગમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરેલ ઉભા હોવાની બાતમી મળતા પોલીસે બાતમીને આધારે છાપો મારી સતીષ સરધારા, વિપુલ રાઠોડ અને ઉજાલા દિપક રાઠોડ તમામ રહે. ભાવનગરનાઓની બેગની તલાસી લેતાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ 724 કિ.રૂ 1,19060 અને બે મોબાઈલ કિ.રૂ 25 હજાર કુલ મળી 1,44,060નો મૃદામાલ જપ્ત કરી ત્રણેય આરોપીને સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓ કોની પાસેથી દારૂ લાવ્યાં હતાં અને કોને પહોંચાડવાના હતાં સહિતની વિગતો મેળવવા પોલીસે કવાયત હાથ ધરી છે.

**DATE: 16/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### સુરતના રહીશે પાલનપૂરના વિવિધ ગામડાઓમાંથી ખરીદી કરી હતી

# પાલનપુરથી સુરત સુધી લઈ જવાતા 45 બકરાને અંકલેશ્વર પોલીસે મુક્ત કરાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



પાલનપુરથી સુરત તરફ ક્રૂરતા પૂર્વક ટ્રક માં લઇ જવા 45 બકરાને મુક્ત કરવામાં આવ્યા હતા. સુરતના શેખ નાઝીમુદ્દીન શાહબુદ્દીનએ પાલનપૂરના વિવિધ ગામોમાંથી મોટા પાયે બકરાં ખરીદ કરી તેને ક્રૂરતા પૂર્વકબાંધી હેરાફેરી કરી રહ્યો છે. માહિતીના આધારે ભરૂચ અંકલેશ્વરને જોડતાનેશનલ હાઈવે નંબર 48 પર માંડવા ટોલ પ્લાઝા પાસે સુરત તરફ જતા માર્ગ પર અન્ય મિત્ર સાથે આવી આ અંગે બી ડિવિઝન પોલીસ મથકે જાણ કરી હતી. ટ્રક આવતા પોલીસે તેને રોકી તલાસી લેતા અંદર ક્રૂરતા પૂર્વક, કોઈ પાણી. કે ઘાસચારાની વ્યવસ્થા વગર અને હવા ઉજાસ વગર બાંધેલા બકરા નજરે પડ્યા હતાં. આરટીઓના નિયમઅનુસાર પશુ પરિવહનનું પરમીટ ચાલક પાસે માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે 45 બકરાં મુક્ત કરાવી ટ્રક ચાલક ઈલ્યાસખાન દિલાવર ખાન જાડેજા તેમજ સુરત થી મંગાવનાર અને પાલેજ ખાતેથી ભરી આપનાર સુરતના શેખ નાઝીમુદ્દીનની ધરપકડ કરી તપાસ શરૂ કરી હતી.

**DATE: 16/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# સંજાલીથી ગુમ થયેલ 10 વર્ષનો બાળક હેમખેમ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સંજાલી ગામે ખાન ચાચાની બિલ્ડિંગમાં રહેતા દશરથ ચૌધરીનો 10 વર્ષીય પુત્ર ગઈકાલે બપોરે ઘરેથી ગુમ થયો હતો.બાળકની માતા પારદેવી સૂતી હતી ત્યારે તે ઘરેથી નીકળી ગયો હતો. તેના પિતા પાનોલી જીઆઈડીસીમાં નોકરી પર ગયા હતા.પિતાએ ઘરે આવીને બાળકની શોધખોળ શરૂ કરી હતી. કોઈ ભાળ ન મળતા પાનોલી પોલીસને જાણ કરવામાં આવી હતી. પાનોલી પીઆઈ એસ.એમ. દેસાઈએ બાળકને શોધવા માટે અલગ-અલગ ટીમો બનાવી હતી.સીસીટીવી સર્વેલન્સ અને બાતમીદારો મારફતે મળેલી માહિતીના આધારે બાળકનું લોકેશન અંકલેશ્વરના હવા મહેલનું મળી આવ્યું હતું. પોલીસની ટીમે બાળકનો તેના પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. બાળક હેમખેમ મળતાં પરિવાર ખૂશ થઈ ગયો હતો.

**DATE: 16/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

2 વખત ફોન કર્યો : રાત કે એક સે દો બજે કે બીચ 4 લોગ મંદિર કો ઉડા દેંગે

# ભરૂચ સ્વામીનારાયણ મંદિરને બોંબથી ઉડાવાની ધમકી આપનાર યુવકની ધરપકડ

## ઘરના મિલકતના ઝઘડામાં ભાગ ન મળતાં યુવકનું કારસ્તાન

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ફોન કરનારે સ્વામીનારાયણ મંદિરની વાત કરી હતી

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલાં તણાવના લીધે સંવેદનશીલ ગણાતાં જિલ્લામાં પોલીસ હાઇ એલર્ટ પર છે. બુધવારે રાત્રિના સમયે ભરૂચ પોલીસના કંટ્રોલરૂમની ઘંટડી રણકે છે. ફરજ પરના પોલીસ કર્મચારી ફોન ઉપાડે છે ત્યારે સામે છેડેથી કહેવામાં આવે છે કે, રાત કે એક સે દો બજે કે બીચ 4 લોગ મંદિર કો ઉડાદેંગે. ફોન કરનાર વ્યક્તિ ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલાં સ્વામીનારાયણ મંદિરની વાત કરી રહયો હતો. એક નહિ પણ બે વખત સ્વામીનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવે છે.

ઝાડેશ્વર નજીક નેશનલ હાઇવે પર આવેલાં સ્વામીનારાયણ મંદીરને બોમ્બ બ્લાસ્ટ કરી ઉડાવી દેવાની ધમકી મળતા જ જિલ્લાનું પોલીસ તંત્ર સતર્ક બની ગયું હતું. સી ડિવિઝન પીઆઇ એ.વી પાણમીયાને ભરૂચ પોલીસ કંટ્રોલ રૂમ અને ડીઝાસ્ટર કંટ્રોલમાંથી મેસેજ મળ્યો હતો કે, એક ઇસમે મોબાઇલ ફોનથી સ્વામિનારાયણ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી છે. બોમ્બ બ્લાસ્ટથી મંદિર ઉડાવી દેવાના ધમકી ભર્યા કોલને લઇ એસઓજીના પીઆઇ આનંદ ચૌધરી તથા તેમની ટીમ પણ કામે લાગી જાય છે. સૌથી પહેલાં તો સર્વેલન્સ સ્કોડ સાથે બોમ્બ સ્કોડને લઇ મંદિરની તલાશી શરૂ કરવામાં આવે છે. પોલીસની અન્ય ટીમ કંટ્રોલરૂમ પર ફોન કરનારા વ્યકતિની શોધમાં લાગી જાય છે. ફોન કરનાર જંબુસર બાયપાસ પર સકારી પાર્કમાં રહેતો તોસીફ આદમ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. તેની પૂછપરછમાં આરોપીના બંને ભાઇઓ તેને મિલકતમાં ભાગ આપતા ન હોય. અને તેના બનેવી ખોટી રીતે હેરાન કરતા હોવાથી મંદિરને બોમ્બથી ઉડાવવાનું તરકટ રચ્યું હોવાની કબૂલાત કરી હતી. બન્ને ભાઇઓ અને બનેવીને પોલીસ કાર્યવાહીમાં ફસાવવા તોસીફે પોતાના મોબાઇલ પરથી ભરૂચ કંટ્રોલ રૂમમાં રાત્રીના એકથી બે વાગ્યાના સમય ગાળા દરમ્યાન સ્વામીનારાયણ મંદીરને બોમ્બ બ્લાસ્ટ કરવાનો કોલ કર્યો હતો.

પોલીસ ટીમોએ BAPS સ્વામિનારાયણ મંદિરે એંટી સબોટેજની કાર્યવાહી કરતા બોમ્બ સબંધી કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. આરોપી તોસીફ સામે સી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ટીખળ માટે કોલ કરાયો હોવાની આશંકા હતી

પ્રાથમિક તપાસમાં અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ ધમકીનો કોલ માત્ર ટીખળ માટે કરવામાં આવ્યો હોઇ શકે છે, જોકે પોલીસ આ મામલે કોઇપણ શક્યતા નકારતી નથી અને વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 17/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

# મુંબઈથી દારૂ લાવી ભાવનગર જતાં મહિલા સહિત ૩ ઝબ્બે

। ભરૂચ ।

ભરૂચ સી.ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, જીએનએફસી બસ સ્ટેન્ડમાં એક મહિલા સહિત ત્રણ જણા વિદેશી દારૂના જથ્થા સાથે ક્યાંક જવાની ફિરાકમા છે જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડા પાડી બાતમી મુજબની મહિલા અને બે શખ્સોને ઝડપી પાડયા હતા. પ્રાથમિક પુછપરછમાં તેમના નામ સતિષ ખોડીદાસ સરધારા, વિપુલ જગદીશ રાઠડ તેમજ મહિલાનું નામ ઉજાલા દિપક રાઠોડ (ત્રણેય રહે. ભાવનગર) હોવાનું માલુમ પડયુ હતુ.

ટીમે તેમની પાસેની ટ્રોલી બેગની તલાશી લેતા તેમાં વિદેશીદારૂનો જથ્થો ભરેલો જણાયો હતો.

જેની ગણતરી કરતા તેમાં કુલ ૧.૧૯ લાખની મતાનો વિદેશી દારૂ ભરેલો જણાયો હતો. તેમની પુછપરછમાં તેમણે કબલ્યુ હતુ કે, તેઓએ મુંબઈમાં અલગ અલગ સ્થળેથી દારૂનો જથ્થો ખરીદી તેઓ ભાગનગર લઈ જઈ રહ્યા હતા. તેઓ એક બસમાં ભરૂચ સુધી આવ્યા હતા હવે તેઓ ભાવનગર જવા માટે બીજી બસની રાહ જોઈ રહ્યા હતા. પોલીસે તેમની પાસેથી વિદેશી દારૂ તેમજ બે મોબાઈલ મળી કુલ ૧.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નેત્રંગ પોલીસે પંદર દિવસમાં ૧૮ મહિલા, ૪ પુરુષ બુટલેગર સામે ગુનો દાખલ કર્યો

નેત્રંગઃ નેત્રંગ નગર સહિત તાલુકાભરમાં પોલીસ તંત્રની મહેરબાનીથી દેશી-ઇંગ્લિશ દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. તેવા સંજોગોમાં મે મહિનાની ૧ તારીખથી લઈ ૧૫ તારીખ સુધીમાં નગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં અલગ-અલગ દિવસે દેશી દારૂનું વેચાણ કરતા બુટલેગરોને ત્યાં રેડ પાડી હતી, જેમાં પોલીસે કુલ ૬૮ લીટર દેશી દારૂ કુલ કિં. રૂ.૧૩,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ૪ પુરુષ તેમજ ૧૮ મહિલા બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. નેત્રંગ પોલીસ રેડ દરમિયાન એકપણ બુટલેગરને ઝડપી શકી નથી.

**DATE: 18/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



ભરૂચ તાલુકાના એક ગામની ઘટના

# સગીરા માતા સાથે ઝઘડો થતાં ઘરેથી ભાગી, આણંદથી મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ નજીકના એક ગામની સગીરા કપડા સિવડાવવા જવું છું કહી ઘરે થી નિકળ્યા બાદ પરત નહી ફરતા સગીરાની માતાએ અજાણ્યા ઈસમ વિરુદ્ધ અપહરણની ફરિયાદ કરતા પોલીસે સગીરાને આણંદથી શોધી કાઢી હતી.સી ડિવિઝન પોલીસ મથકે સગીરાની માતાએ પોતાની 13 વર્ષની દિકરી ઘરે થી કપડા સિવડાવવા જવું છું એમ કહી બજારમાં જતા સાંજ સુધી ઘરે પરત નહી ફરતા પરિવાર દ્વારા સગીરાના મિત્રો અને સગા સંબંધીઓને ત્યાં પૂછપરછ કરતા સગીરા નહીં મળી આવતા અજાણ્યા ઈસમ વિરુદ્ધ સગીરાનું વાલીપણા માંથી અપહરણ કર્યાની ફરિયાદ નોંધાવી હતી.સગીરાના અપહરણની ફરિયાદ બાદ તાત્કાલિક એક્શનમાં આવેલ પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરતા સગીરા આણંદથી મળી આવી હતી.માતા સાથે ઝઘડો થતાં ભાગી ગઈ હોવાનું બહાર આવ્યું હતું.

**DATE: 18/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### રૂપિયા આપવા બહાને ગોલ્ડન બ્રિજ પાસે બોલાવી હુમલો કર્યો

# પતિ અને પત્નીની હત્યાની કોશિશ કરનાર પાંચ હુમલાખોર ઝબ્બે

### આર્મીમાં નોકરી અપાવવા લીધેલા રૂપિયા પરત ના આપવા પડે તે માટે કારસો રચ્યો

। ભરૂચ-અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં રહેતા રાજદીપે આર્મીમાં નોકરી મેળવવા માટે બે વર્ષ અગાઉ રાજેશભાઈ ઉર્ફે રાજાભાઈ બાબુભાઈ બાંભણીયાને સાતેક લાખ રૂપિયા આપ્યા હતા જો કે તેમણે નોકરી નહીં મળતા તેઓ રૂપિયા પરત માંગી રહ્યા હતા. દરમ્યાનમાં રાજેશ ઉર્ફે રાજાએ ભરૂચથી અંકલેશ્વર જવાના રોડ પર ગોલ્ડન બ્રિજ નીચે ચા-નાસ્તાની દુકાન પાસે તેઓ હાજર છે અને રૂપિયા આપવા માટે આવ્યા છે તેમ કહી રાજદીપને ત્યાં બોલાવ્યો હતો.

જો કે રાજદીપ તેની પત્ની મમતા સાથે પહોંચતા રાજદીપને સાહેબ સાથે મળવા જવાનું કહી ગોલ્ડન બ્રિજ નીચે લઈ ગયા હતા. ત્યાં મોડે સુધી તેમને બેસાડી રાખતા તેઓ હું મારી પત્નીને મળીને આવુ છુ તેમ કહેતા એક શખ્સે તેમનુ ગળુ પકડી લીધુ હતુ તેમજ વિશાલ ગોસ્વામી તેમની ફેટ પકડી માર માર્યો હતો. અન્ય એક ઈસમે પણ ઝપાઝપી કરી હતી. અરસામાં રાજેશ ઉર્ફે રાજાએ લોખંડના પાઈપથી માથામાં ફટકા મારી ઈજાઓ પહોંચાડી હતી, જે બાદ પાણીમાં નાંખી દેવાની કોશિષ કરી હતી.

જો કે વધુ સમય થતાં રાજદીપની પત્ની મમતા તેમને શોધતા ત્યાં પહોંચતા તેઓએ મમતાબેનનું પણ ગળુ દબાવી દીધુ હતુ. જેના કારણે તે બેભાન થઈ ગયા હતા. આ ઘટનામાં ફરિયાદ નોંધાતા પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડયા હતા.



રૂપિયા પડાવવાના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ

### ઝડપાયેલ આરોપીઓ

- **રાજા ઉર્ફે રાજુ બાબુ બાંભણીયા**, રહે.ચિત્રાસર, તા.જાફરાબાદ, અમરેલી.
- **અભિષેક ઉર્ફે વિશાલ ઘનશ્યામપુરી ગોસ્વામી**, રહે. પુજેરા,તા.માતર, ખેડા
- **રાજેશ ઉર્ફે લંબુ કિરણ પટેલ**, રહે.ભડકોદ્રા, નવીનગરી, અંકલેશ્વર.
- **સુજલ ઉર્ફે કાલુ વિનોદ વસાવા**, રહે. ભડકોદ્રા, અંકલેશ્વર.
- **જસવિન્દરસિંઘ ઉર્ફે જસ્સી નવિન્દરસિંગ દિપપાલ**, રહે.શક્તિનગર સોસાયટી, હાંસોટ રોડ,અંકલેશ્વર.

**DATE: 18/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચેકિંગ કરાયું

# ભાડૂઆત-શ્રમિકોની નોંધણી નહીં કરાવનારા ૨૨૧ સામે કાર્યવાહી

## સુરક્ષા અને સલામતીના ભાગરૂપે ખાસ ઝુંબેશ હાથ ધરાઈ

| ભરૂચ |

ભરૂચ શહેર જિલ્લામાંથી પરપ્રાંતિય લોકો આવીને વસી રહ્યાં છે. ત્યારે શ્રમિક કે અન્ય કોઈ વેશમાં ત્રાસવાદી કે અસામાજિક તત્વો દ્વારા મકાન-દુકાન ભાડે રાખીને શહેરોનો સરવે કરીને સ્થાનિક પરિસ્થિતીઓનો તાગ મેળવી કોઈ પણ અનિચ્છનીય બનાવ કે અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. ત્યારે આવા સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓની સચોટ માહિતી મેળવી શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પરપ્રાંતિય ભાડૂઆતો તેમજ શ્રમિકોના વેરિફિકેશન માટેની ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ ભરૂચ જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટ દ્વારા વારંવાર જાહેરનામા બહાર પાડી મકાન-દુકાન માલિકોને તેમના ભાડૂઆતોની તેમજ દરેક કોન્ટ્રાક્ટરોએ તેમના શ્રમિકોની નોંધણી સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવા માટે તાકીદ કરવામાં આવી છે. જેના ભાગરૂપે છેલ્લા ૨૪ કલાકમાં ભરૂચ જિલ્લામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ની ટીમ તેમજ જિલ્લાના ૨૫ પોલીસ સ્ટેશનો દ્વારા તેમના વિસ્તારમાં પરપ્રાંતિય ભાડૂઆતો અને શ્રમિકોના વેરિફિકેશનની કવાયત હાથ ધરી હતી. જેમાં છેલ્લાં ૨૪ કલાકમાં અલગ અલગ ટીમોએ મળીને જાહેરનામા ભંગના ૨૨૧ ગુનો નોંધી ૨૨૧ લોકો સામે કાર્યવાહી કરી છે. જેમાં ૧૭૫ મકાન - દુકાન માલિકો સામે જ્યારે ૪૬ કોન્ટ્રાક્ટરો કે જેઓએ શ્રમિકોની નોંધણી ન કરાવી હતી તેમની સામે ગુના નોંધ્યા છે.



પોલીસ કર્મીઓ દ્વારા ફેક્ટરીઓમાં તપાસ કરાઈ હતી

### મકાન-દુકાન માલિક, કોન્ટ્રાક્ટરોને તાકીદ

પોલીસ દ્વારા શરૂ કરાયેલી આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલશે. ત્યારે પોલીસે જણાવ્યું છે કે, તકેદારીના ભાગરૂપે મકાનો, એકમો તેમજ દુકાનો ભાડે આપતા માલિકોએ મિલકત ભાડે આપતા પહેલા નિયત ફોર્મમાં ભાડા કરાર કરી તેની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરવી જરૂરી છે. તેમજ એક કોપી પોતાની પાસે પણ રાખવી. તેજ રીતે એકમના માલિક, એજન્ટ, લેબર કોન્ટ્રાક્ટરોએ પણ તેમના શ્રમિકોની નોંધ ફરજિયાત કરાવવાની રહેશે.

### પોલીસે ૩ મહિનામાં ૪૨૮ કેસ કર્યા છે, હજી થશે

સુરક્ષા અને સલામતીના ભાગરૂપે ભાડૂઆતો-શ્રમિકોની નોંધણી જરૂરી છે. ત્યારે ભરૂચ પોલીસ દ્વારા સતત આ ઝુંબેશ ચલાવાઈ રહી છે. છેલ્લા ત્રણ મહિનામાં કુલ ૪૨૮ કેસ કરવામાં આવ્યાં છે. ત્યારે આવનારા દિવસોમાં પણ પોલીસની આ પ્રક્રિયા ચાલુ જ રહેશે. અને મકાન-દુકાન માલિકો તેમજ કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરાશે.

**અનિલ સિસારા,** ડીવાયએસપી, એસસીએસટી સેલ, ભરૂચ

**DATE: 18/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

અન્ય શ્રમિક યુવતીને ભગાડી જતાં આરોપીએ ગોંધી રાખ્યો હતો

# ભરૂચમાંથી અપહૃત શ્રમિકને નાંદવા ગામેથી હેમખેમ રીતે મુકત કરાવાયો

## સી ડિવિઝન પોલીસની ટીમે બે આરોપીની ધરપકડ કરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના તુલસીધામ વિસ્તારમાંથી શ્રમિકનું અપહરણ કરનારા બે આરોપીને સી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યાં છે. અન્ય શ્રમિક યુવતીને ભગાડી ગયો હોવાની રીસ રાખી બે આરોપી બોલેરો લઈને ભરૂચ આવ્યા હતાં અને શ્રમિકને ઉપાડીને ગરબાડાના નાંદવા ગામે લઈ જઈને ગોંધી રાખ્યો હતો. 15મી મેના રોજ રાત્રિના 8 વાગ્યાના અરસામાં ભરૂચના તુલસીધામ વિસ્તારમાંથી અપહરણ કરાયું હતું. જર્નાદન રાજભરનું કમલેશ ભુરા અને શ્રવણ ગણાવા અપહરણ કરી ગયાં હોવાની ફરિયાદ તેના પુત્રએ નોંધાવી હતી. પોલીસે અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી વિવિધ ટીમો બનાવીને તપાસ આદરી હતી. જેમાં બંને આરોપીઓએ શ્રમિકને ગરબાડા તાલુકાના નાંદવા ગામે ગોંધી રાખ્યો હોવાની માહિતી મળી હતી. પોલીસે ગામમાં દરોડો પાડી જર્નાદન રાજભરને હેમખેમ મુક્ત કરાવ્યો હતો. બંને આરોપીની ધરપકડ કરી તેમને ભરૂચ લઈ આવવામાં આવ્યાં છે. આરોપી કમલેશ ભૂરા ભરૂચના લુવારા ગામે સર્વોદય સોસાયટીની સાઈટ પર જ્યારે શ્રવણ ગણાવા અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલની સાઈટ પર કામ કરતો હોવાની વિગતો બહાર આવી છે. જર્નાદન સાથે કામ કરતો શ્રમિક ગરબાડા વિસ્તારની યુવતીને લગ્નની લાલચે ભગાડી ગયો હોવાથી અપહરણની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. પીએસઆઈ શેલાણાએ જણાવ્યું હતું કે, જર્નાદન રાજભરના હાથ નીચે કામ કરતો યુવાન યુવતીને ભગાડી લાવ્યો હતો અને યુવતી બંને આરોપીની સંબંધી હોવાથી યુવક અને યુવતી ક્યાં છે તે જાણવા અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણમાં વપરાયેલી બોલેરો તથા બે મોબાઈલ કબજે લેવાયાં છે.



બંને આરોપીને પોલીસ ભરૂચ લઈ આવી હતી.

### 6 કલાક સુધી કાર્યવાહી ચાલી હતી

આરોપીઓ શ્રમિકને અપહરણ કરી નાંદવા ગામે લઈ ગયાં હોવાની બાતમી હોવાથી એક પીએસઆઈ સહિત 4 જવાનોની ટીમ તપાસ માટે ગઈ હતી. નાંદવા ગામના ડુંગર પર આરોપી શ્રવણનું ઘર હતું અને તે ઘરની આસપાસ લોકો આંટા મારતાં હતાં. આ સમગ્ર કાર્યવાહીમાં સ્થાનિક પોલીસની મદદ લેવામાં આવી હતી. સવારે 3.20 વાગ્યે પોલીસની ટીમ દાહોદથી રવાના થઈ હતી અને સવારે 9.30 વાગ્યાની આસપાસ અપહૃતને મુક્ત કરાવી બંને આરોપીને ઝડપી લેવાયાં હતાં. આરોપીના ઘરની બહાર જ બોલેરો પાર્ક કરવામાં આવી હતી. જર્નાદન રાજભર ઘરમાં બેઠેલી હાલતમાં મળી આવ્યો હતો.